અપીલ અરજી નં.૧૨૪/૦૮–૦૯ તા. ૧૨–૮–૦૮

અરજદારઃ શ્રી અબ્દુલ કાદિર એન. સવાઈ
સામાવાળાઃ આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન

## હુકમ:–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી અબ્દુલ કાદિર એન. સવાઈની તા.૨૩–૫–૦૮ ની અરજીથી વોર્ડ નં.૧૧ ના નોંધ નં.૨૧૧૧–ક મંજુર પ્લાન તથા રજાચિઠ્ઠી ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૨–૮–'૦૮ ની અપીલ અરજી નં.૧૨૪/૨૦૦૮–૦૯

શ્રી અબ્દુલ કાદિર એન. સવાઈની તા.૨૩–૫–૦૮ ની અરજીથી વોર્ડ નં.૧૧ ના નોંધ નં.૨૧૧૧–ક મંજુર પ્લાન તથા રજાચિઠ્ઠીની માહિતી આપવા બાબતે આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સે.ઝોન/આઉટ/૨૮૫ તા.૧૨–૬–૦૮ થી આપેલ માહિતી "અમારા પત્રના મુદ્દાઓને અનુરૂપ નથી તથા લગીરે સંતોષ નથી." તેવું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૨–૮–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૩૩ તા.૨૦–૮–૦૮ થી આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી આરટીઆઈ/સે.ઝોન/આ.નં.૬૪૮ તા.૪–૯–૦૮ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે. જે અનુસાર અરજદારે નમુના ક ની મુળ અરજીમાં વોર્ડ નં.૧૧ નોંધ નં.૨૧૧૧ ક ના મંજુર પ્લાન તથા રજાચિઠ્ઠીની નકલની માંગણી કરેલ છે. જેના સંદર્ભે જાહેર માહિતી અધિકારી તરફથી તેમના પત્ર નં.સે.ઝોન/આઉટ/૨૮૫ તા.૧૨–૬–૦૮થી " પ્લાન અત્રેની કચેરીથી મંજુર કરવામાં આવેલ નથી જેથી મંજુર પ્લાન તેમજ રજાચિઠ્ઠી આપવાનલ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.તથા પ્રશ્નવાળી મિલ્કત શરૂ થયેલ બાંધકામ અન્વયે અત્રેની કચેરીએથી કાયદેસરની કાર્યવાહી હેઠળ છે." તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. અરજદારે અપીલ અરજીમાં જણાવેલ મુદ્દાઓની રજુઆત તેઓએ કમિશ્નરશ્રીને તા.૨૦–૫–૦૮ ના રોજ કરેલ અરજી અંગેનો છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૨૩–૫–૦૮ની અરજીથી માંગ્યા મુજબની માહિતી અરજદારને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પાડવામાં આવેલ છે જેથી માહિતી અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૯ –૦૮.

ડે.*કમિશ્નર(જનરલ),*
*અને એપેલેટ ઓફિસર*
*સુરત મહાનગર પાલિકા*

***પ્રતિ***

(૧) આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી, ,...... જાણ તથા અમલ માટે
(૨) શ્રી અબ્દુલ કાદિર એન. સવાઈ